# ધંધુકામાં બે જૂથો વચ્ચે અથડામણ બાદ કર્ફ્યુ લદાયો

**મુખ્ય આરોપી** સહિત બેની ધરપકડ, તોડફોડ-આગચંપીમાં સંડોવાયેલા 21ની અટકાયત

**બાઇક** ઓવરટેક કરવા બાબતે બોલાચાલી બાદ યુવકની હત્યા થઇ ગઇ હતી

ગાંધીનગર : અમદાવાદ જિલ્લાના ધંધુકામાં ફરી એક વખત બે જૂથો વચ્ચે હિંસક તોફાનો થયા છે. બાઈક ઓવરટેક કરવાની સામાન્ય બાબતમાં બે યુવકો વચ્ચે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં એક યુવાનની હત્યા કરી થતાં સમગ્ર ધંધુકામાં બે જૂથો વચ્ચે ભયાનક અથડામણ સર્જાઈ હતી. જેમાં ભારે પથ્થરમારા સાથે તોફાની ટોળાઓએ વાહનો અને દુકાનોમાં આગ ચાંપી દીધી હતી જેને કારણે સમગ્ર વિસ્તારમાં તંગદીલી છવાઈ જવા પામી હતી. આ ઘટનાને પગલે પોલીસે શહેરમાં પરિસ્થિતિને કાબુમાં લેવા થોડા સમય માટે કર્ફ્યુ નાંખ્યો હતો.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ ધંધુકામાં નસીબ સોસાયટી વિસ્તારમાં બાઈક ઓવરટેક કરવા જેવી બાબતમાં બે યુવકો વચ્ચે બોલાચાલી થઈ હતી. એક યુવકની પત્નીને બ્યુટી પાર્લરમાં મુકવા જઈ રહ્યો હતો, ત્યારે અન્ય યુવક સાથે બાઈકની ઓવરટેકની બાબાતમાં બોલાચાલી થઈ હતી. આ ઘટના બાદ કેટલાક યુવકોનું ટોળુ ઝઘડો કરનાક યુવકના ઘરે પહોંચી તે યુવક સાથે મારામારી કરતા યુવકે ધર્મેશના પગમાં છરી મારી હતી જેથી તેને હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થયું હતુ.

ધંધુકામાં યુવકની હત્યાના સમાચાર વાયુ વેગે ફેલાતા ધંધુકાના પાળીયાદ રોડ, મુખ્ય સર્કલ વિસ્તારમાં ટોળેટોળા ઉમટી પડ્યા હતા. તોફાની તત્વોએ પથ્થરમારા કરી દુકાનો અને વાહનોમાં તોડફોડ કરી આગ ચાપી દીધી હતી. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં તંગદીલી ફેલાઈ જતા બજારો ટપોટપ બંધ થઈ ગયા હતા, અને લોકો ભયભીત બની ગયા હતા.

આ ઘટનાની જાણ થતા જ જિલ્લા પોલીસ વડા સહિત ઉચ્ચ પોલીસ અધિકારીનો કાફલો ઘટના સ્થળે પહોંચી તોફાનીઓને કાબુમાં લેવા પ્રયાસ શરૂ કર્યા હતા. બીજી તરફ આગને કાબુમાં લેવા બાવળા, બગોદરા, ધંધુકા અને ધોલેરા થી ફાયર વિભાગની ટીમ દોડી આવી હતી. ધંધુકામાં ફેલાયેલી તંગદીલીને પગલે પોલીસ અધિકારીનો કાફલો દોડી આવતા સઘન પેટ્રોલિંગ અને કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. પરિસ્થિતિ વધુ ન વણશે તે માટે પોલીસે સમગ્ર શહેરમાં કર્ફ્યું નાખી દીધો હતો.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ યુવકની હત્યા બાદ તેમના પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પરિવારજનોનું કહેવું છે કે, આરોપીઓની ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવામાં નહીં આવે. પોલીસએ પરિસ્થિતિ કાબુમાં લેવા માટે પરિવારજનો તથા સમાજના મોભીઓ સાથે ચર્ચા વિચારણા સાથે બેઠકોનો દૂર શરૂ થયો છે. પોલીસે શહેરીજનોને શાંતિ બનાવી રાખવા અપીલ કરી છે. સાથે જ નાગરિકોને સોશિયલ મીડિયા પર વહેંચી થતી અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.

આ ઘટના અંગે જિલ્લા પોલીસ વડા ઓમપ્રકારશ જાટના જણાવ્યા પ્રમાણે એક યુવક તેની પત્નીને બ્યુટીપાર્લરમાં મુકવા જઈ રહ્યો ત્યારે ઓવરટેકના મામલે અન્ય બાઈક ચાલક યુવક સાથે બોલાચાલી- ઝઘડો થતાં એક યુવકના હાથની આંગળીમાં ઈજાઓ થઈ હતી. જેથી આ યુવક હોસ્પિટલ સારવાર માટે ગયો હતો, ત્યારબાદ કેટલાક યુવકો ભેગા થઈ પેલા યુવકના ઘરે પહોંચી બોલાચાલી કરી મારામારી કરી હતી. જેમાંથી યુવકે છરી વડે હુમલો કરતા યુવકને પગના બાગે ઈજાઓ થવા પામી હતી. જેનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ તાત્કાલિક પોલીસ પહોંચી ગઈ હતી. પોલીસએ મુખ્ય આરોપી રીઝવાન તથા સમીરની ધરપકડ કરી લેવામાં આવી છે.

આ ઘટના બાદ તંગદીલી ઊભી થઈ હતી. કેટલાક તોફાની તત્વોએ દુકાનો અને વાહનોમાં તોડફોડ કરી આગ ચાપી હતી, હાલમાં સમગ્ર પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. હાલમાં પોલીસની પ્રાથમિકતા ધરપકડ કરાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ દુકાનો અને વાહનોમાં આગચંપી કરનાર કોઈપણ લોકો હશે તો તેમની વિરુદ્ધ પણ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. કાયદો હાથમાં લેનાર દરેક વ્યક્તિ વિરૂદ્ધ કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરાશે. અત્યાર સુધીમાં પોલીસે 20થી વધુ લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પીએસઆઇ ભરતીની લેખિત પરીક્ષા 19 એપ્રિલના રોજ લેવાશે

ગાંધીનગરઃ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિત અન્ય સંવર્ગની ભરતી માટે 858 જગ્યાઓ માટે શારીરિક કસોટી યોજવામાં આવી હતી. જે પૈકી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની શારીરિક કસોટીમાં 1.10 લાખ જેટલા ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા. જેમની લેખિત પરીક્ષા 19 એપ્રિલ 2026ના રોજ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે 371 શાળાઓમાં યોજાનાર છે. જેના માટે કોલ લેટર ડાઉનલોડ કરવાનું શરૂ થઈ ગયેલા છે, અત્યાર સુધીમાં એક લાખથી વધુ ઉમેદવારોએ પોતાના કોલ લેટર ડાઉનલોડ કરી લીધા છે. પોલીસ ભરતી બોર્ડના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પોલીસ સબ ઈન્સ્પેક્ટર ભરતી ની લેખિત પરીક્ષા માટે 4000 જેટલા પોલીસ અધિકારી- કર્મચારી તથા 8000 જેટલા શિક્ષણ વિભાગના અધિકારી- કર્મચારીઓ પરીક્ષાલક્ષી કામગીરીમાં જોડવામાં આવ્યા છે. આ પરીક્ષામાં ઉમેદવારોના બાયોમેટ્રિક ફોટોગ્રાફ્સને લેખિત પરીક્ષા પહેલા બે વખત વેરિફિકેશન કરવામાં આવનાર છે. આ ઉપરાંત સમગ્ર પરીક્ષા સીસીટીવી મોનિટરિંગ હેઠળ યોજવામાં આવશે. પરીક્ષા દરમિયાન ગેરરીતિ કરનાર વિરુદ્ધ કાયદેસર પગલાં ભરવામાં આવશે.

## પીએમ મોદી 26મી એપ્રિલે અમદાવાદમાં મતદાન કરવા આવશે

ગાંધીનગર : આગામી તા.26મી એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે મતદાનને પગલે પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહ અમદાવાદ મતદાન કરવા આવી શકે છે, તેમ પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું.પીએમ મોદી રાણીપની વોર્ડમાં નિશાન સ્કૂલમાં મતદાર છે. જયારે અમીત શાહ નારણપુરામાં મતદાર છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ થલતેજમાં મતદાર છે. તેઓ પણ મતદાનના દિવસે અમદાવાદ આવી શકે છે. આગામી તા.26મી એપ્રિલના રોજ સવારના 7થી સાંજના 6 વાગ્યા સુધી મતદાન યોજાશે. ખાસ કરીને 15 મનપા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતોની બેઠકો માટે મતદાન થશે.

# ઈરાન સાથેના યુદ્ધવિરામ બાબતમાં ડોનાલ્ડ ટ્રમ્પ એક કલાકમાં સાત વખત જૂઠું બોલ્યા



ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ એવાં ચોઘડિયે શરૂ થયું છે કે વારંવાર મંત્રણાઓ અને યુદ્ધવિરામની જાહેરાતો છતાં તે પૂરું થવાનું નામ નથી લેતું. શુક્રવારે વાત આવી હતી કે ઈરાને હોર્મુઝની ખાડીનો માર્ગ તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે ખોલી કાઢ્યો છે. આ જાહેરાત ખુદ ઈરાનના વિદેશ પ્રધાને કરી હોવાથી તેમાં શંકા રાખવાનું કોઈ કારણ નહોતું. આ જાહેરાતના થોડા જ કલાકોમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી કે જ્યાં સુધી યુદ્ધવિરામના કરારને આખરી સ્વરૂપ આપવામાં નહીં આવે ત્યાં સુધી હોર્મુઝની ખાડીની નાકાબંધી ચાલુ રહેશે. આ જાહેરાતથી ભડકેલા ઈરાનની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફે ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપી હતી કે જો અમેરિકા તેની નાકાબંધી ચાલુ રાખશે તો તેહરાન હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરશે. ગાલિબાફે X પરની એક પોસ્ટમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાનું કામ નિયુક્ત માર્ગ અને ઈરાની પરવાનગી પર કરવામાં આવશે. નાકાબંધી ચાલુ રહેવાથી હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લો રહેશે નહીં. હોર્મુઝ સ્ટ્રેટનું સંચાલન સશસ્ત્ર દળોનાં કડક નિયંત્રણ હેઠળ છે. ઈરાનના લશ્કરી કમાન્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વોશિંગ્ટને ઈરાનનાં બંદરો પર જતાં અને આવતાં જહાજોની નાકાબંધી ચાલુ રાખીને વચન તોડ્યું છે.

ટુ ધ પોઇન્ટ
▪ સંજય વોરા ▪

ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘર ગાલિબાફે આરોપ લગાવ્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પે એક કલાકમાં સાત દાવાઓ કર્યા હતા, જે બધા જૂઠા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે અમેરિકા અને ઈરાન શાંતિ કરાર હેઠળ તેહરાનનાં પરમાણુ સ્થળોમાંથી સમૃદ્ધ યુરેનિયમને સંયુક્ત રીતે દૂર કરશે, તે પહેલાં સામગ્રીને અમેરિકાના પ્રદેશમાં સ્થાનાંતરિત કરવામાં આવશે. જો કે, ઈરાનના વિદેશ મંત્રાલયે ડોનાલ્ડ ટ્રમ્પના દાવાને નકારી કાઢતાં કહ્યું કે દેશના સમૃદ્ધ યુરેનિયમના ભંડારને ક્યાંય ટ્રાન્સફર કરવામાં આવશે નહીં. આ મુદ્દો ક્યારેય વાટાઘાટોમાં ઉઠાવવામાં આવ્યો નથી. સમૃદ્ધ યુરેનિયમના ટ્રાન્સફર બાબતમાં ડોનાલ્ડ ટ્રમ્પનું જૂઠાણું ઈરાને નકારી કાઢ્યું છે.

ઈરાનના યુરેનિયમ બાબતમાં સોશ્યલ મીડિયા પર અમેરિકાતરફી જૂઠાણું જોરશોરથી ચાલી રહ્યું છે કે અમેરિકા ઈરાનનું બધું સમૃદ્ધ યુરેનિયમ પોતાના કબજામાં લઈ લેશે અને તેના બદલામાં અમેરિકા દ્વારા ઈરાનની જપ્ત કરવામાં આવેલી ૨૦ અબજ ડોલરની સંપત્તિ મુક્ત કરવામાં આવશે. આ સંદેશા દ્વારા એવો ઈશારો કરવામાં આવ્યો છે કે ૨૦ અબજ ડોલરના ફાયદાના બદલામાં ઈરાન પોતાનું સમૃદ્ધ યુરેનિયમ અમેરિકાને આપી દેવા તૈયાર થયું છે. આ ઉપરાંત એવો દાવો પણ કરવામાં આવે છે કે ઈરાન પોતાનું સમૃદ્ધ યુરેનિયમ અમેરિકાને સોંપવાને બદલે કોઈ ત્રીજા દેશને સોંપવા તૈયાર થયું છે. આ ત્રીજા દેશમાં ભારતનું નામ આવે છે. જ્યારે ઈરાન પોતાનું યુરેનિયમ સોંપવા તૈયાર નથી ત્યાં ત્રીજા દેશની વાત પણ કાલ્પનિક છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની પોસ્ટમાં બીજું જૂઠાણું ચલાવ્યું હતું કે ઈરાને અમેરિકાની તમામ શરતો માની લીધી છે. તેને નકારી કાઢતાં ઈરાનના વિદેશ પ્રધાન બાગેચીએ જણાવ્યું હતું કે હજુ ઈરાન અને અમેરિકા વચ્ચે ઘણા મુદ્દાનો ઉકેલ આવ્યો નથી; માટે ઈરાને અમેરિકાની તમામ શરતો માની લીધી છે, તેમ કહેવું ખોટું છે. દાખલા તરીકે અમેરિકા દ્વારા ઈરાન પર લાદવામાં આવેલા પ્રતિબંધોનો મુદ્દો હજુ ઉકેલવામાં આવ્યો નથી. તેવી જ રીતે અમેરિકા દ્વારા જપ્ત કરવામાં આવેલી ઈરાનની સંપત્તિનો મુદ્દો પણ હજુ વણઉકેલ્યો છે. આ સંયોગોમાં ઈરાને અમેરિકાની તમામ શરતો માની લીધી છે, તેમ કહેવું વધુ પડતું છે. આ મુદ્દાઓ કદાચ વાટાઘાટો પછી હલ થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પનું ત્રીજું જૂઠાણું એવું હતું કે ઈરાને હોર્મુઝની ખાડી ખોલી કાઢી છે અને બાંયધરી આપી છે કે તે હોર્મુઝની ખાડી ફરી ક્યારેય બંધ નહીં કરે. આ જૂઠાણાંનો જવાબ આપતાં ઈરાનના વિદેશ પ્રધાને કહ્યું હતું કે ''હોર્મુઝની ખાડી માત્ર યુદ્ધવિરામના સમયગાળા પૂરતી જ ખોલવામાં આવી છે. જો અમેરિકાની નાકાબંધી ચાલુ રહેશે તો હોર્મુઝ ફરી બંધ થઈ જશે.'' ખરેખર અમેરિકાની નાકાબંધી ચાલુ રહી હોવાથી ઈરાને હોર્મુઝની ખાડી ફરી બંધ કરી દીધી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ હોર્મુઝની ખાડીના મુદ્દાને વધુ પડતો ચગાવી રહ્યા છે, કારણ કે તે તેમની નબળી કડી છે. અમેરિકા દ્વારા યુદ્ધ શરૂ કરવામાં આવ્યું તે પહેલાં હોર્મુઝની ખાડી ખુલ્લી જ હતી. યુદ્ધના વિરોધમાં ઈરાને તે બંધ કરી તેને કારણે અમેરિકા બદનામ થઈ ગયું અને તેના પર દુનિયાના દેશોનું દબાણ આવી ગયું હતું કે હોર્મુઝની ખાડી ખોલાવો. ડોનાલ્ડ ટ્રમ્પ માટે હોર્મુઝની ખાડી ખોલાવવાનો મુદ્દો પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો. આ કારણે તેમણે નાકાબંધી કરી હતી. હવે હોર્મુઝની ખાડી ખૂલી ગઈ છે, તેની ઉતાવળે જાહેરાત કરવાનું તેમને ભારે પડ્યું છે. ઈરાને નાકાબંધીના જવાબમાં હોર્મુઝની ખાડી બંધ કરીને ફરીથી અમેરિકાનું નાક દબાવ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જૂઠો પ્રચાર શરૂ કરવામાં આવ્યો હતો કે હોર્મુઝની ખાડી તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે ખૂલી ગઈ છે. તેનો જવાબ આપતાં ઈરાનના વિદેશ પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે હોર્મુઝની ખાડીમાંથી ચોક્કસ રૂટ ઉપર જ સ્ટીમરો પસાર થઈ શકે છે, જેના માટે પણ ઈરાનની અનુમતિ જરૂરી છે. આ રીતે હોર્મુઝની ખાડી સંપૂર્ણ ખૂલી હોવાની વાતનો છેદ ઊડી જાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પાંચમું જૂઠાણું એવું ફેલાવાઈ રહ્યું છે કે ઈરાન પોતાના અણુકાર્યક્રમને અચોક્કસ મુદ્દત માટે બંધ રાખવા તૈયાર થયું છે. જો કે, અમેરિકા દ્વારા જ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઈરાન દ્વારા યુરેનિયમના સમૃદ્ધિકરણ બાબતમાં હજુ કોઈ સમાધાન થયું નથી. ઈરાનનો દાવો છે કે મંત્રણા પહેલાં ઈરાન પર દબાણ આણવા જૂઠો પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

ડોનાલ્ડ ટ્રમ્પનું છઠ્ઠું જૂઠાણું એવું છે કે ઈરાન કોઈ પણ જાતના વળતર વગર અમેરિકાની બધી શરતો પર સમાધાન કરવા તૈયાર થઈ ગયું છે. તેને રદિયો આપતાં ઈરાનના વિદેશ પ્રધાન કહે છે કે ઈરાન દ્વારા અમેરિકા પાસેથી યુદ્ધના નુકસાનનું વળતર માગવામાં આવ્યું છે. વળી અમેરિકા દ્વારા ઈરાનની જે સંપત્તિઓ જપ્ત કરવામાં આવી છે, તે મુદ્દો પણ હજુ ઊભો છે. આ મુદ્દાનો ઉકેલ મંત્રણાઓ દ્વારા લાવવામાં આવશે. માટે, ઈરાને વળતર નથી માંગ્યું, તે વાત ખોટી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ફેલાવવામાં આવેલું સાતમું જૂઠાણું એ છે કે ઈરાન સાથેનો સોદો થઈ જવાની તૈયારીમાં છે. ઈરાન તેનો પણ રદિયો આપતાં કહે છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે ઘણા મુદ્દાઓ એવા છે, જેનો હલ હજુ સુધી મળી શક્યો નથી. આ કારણે સોદો લગભગ થઈ ગયો છે, તેવું કહેવું વધુ પડતું છે. અમેરિકા ઈરાનની બધી શરતો સ્વીકારે તો જ સોદો થશે.

૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલી હુમલાઓથી શરૂ થયેલા આ યુદ્ધમાં ઈરાનમાં ઓછામાં ઓછા ૩,૦૦૦ લોકો, લેબનોનમાં ૨,૨૯૦ થી વધુ, ઇઝરાયલમાં ૨૩ અને ગલ્ફના આરબ રાજ્યોમાં એક ડઝનથી વધુ લોકો માર્યા ગયાં છે. અમેરિકાના ૧૩ સૈનિકો પણ માર્યા ગયા છે. આ યુદ્ધ શરૂ થયું તે પછી પડદા પાછળ અનેક મંત્રણાઓ ચાલી રહી છે. દરેક વખતે દુનિયાને લાગે છે કે યુદ્ધવિરામ થઈ ગયો છે, પણ તેને તૂટી પડતાં વાર લાગતી નથી. ઇસ્લામાબાદમાં પહેલા તબક્કાની મંત્રણાઓ નિષ્ફળ ગયા પછી હવે બીજા તબક્કાની મંત્રણાઓની તૈયારી ચાલી રહી છે. પાકિસ્તાની સૈન્યના વડા આસિફ મુનીર તેમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ જાતે તહેરાન જઈને ઈરાનના ટોચના નેતાઓને મળી આવ્યા છે. હવે ઇસ્લામાબાદ મંત્રણામાં ડોનાલ્ડ ટ્રમ્પ પોતે હાજર રહે તેવી સંભાવના છે. અમેરિકા જેવી મહાસત્તાના દબાણ સામે નહીં ઝૂકીને ઈરાને પોતાના જોરદાર સત્ત્વનું પ્રદર્શન કર્યું છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘર ગાલિબાફે આરોપ લગાવ્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પે એક કલાકમાં સાત દાવાઓ કર્યા હતા, જે બધા જૂઠા પુરવાર થયા હતા**

# ઘોડદોડના વેપારી સાથે 25.75 લાખની ઠગાઈ કરનાર ઝડપાયો

**ગોલ્ડ** ટ્રેડિંગના નામે સરેલાવાડીના વેપારી સાથે ઠગાઇ કરી હતી

સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે ગોલ્ડ ટ્રેડિંગમાં ઉંચા વળતરની લાલચ આપી રોકાણકારોના ખિસ્સા ખાલી કરતી આંતરરાજ્ય ગેંગના એક મહત્વના સાગરીતને હાલોલ (પંચમહાલ)થી પકડી લીધો છે. ઘોડદોડ રોડના એક વેપારીને ગોલ્ડ ટ્રેડિંગના માયાવી જાળમાં ફસાવી તેની પાસેથી ૨૫.૭૫ લાખ રૂપિયા પડાવનાર આરોપીના એક જ એકાઉન્ટ દ્વારા દેશભરમાં આઠ કરોડથી વધુનું ફ્રોડ આચરવામાં આવ્યું હોવાનું ખુલ્યું છે.

ઘોડદોડ રોડ સરેલાવાડી ખાતે મેઘધનુષ એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી પુનીત પ્રેમચંદ ખેમકાનો સંપર્ક કરી ઠગોએ તેમની ઓળખ NGGF Gold કંપનીના પ્રતિનિધિ તરીકે આપી હતી.

વેપારીને વિશ્વાસમાં લેવા માટે એક બનાવટી વેબસાઈટની લિંક મોકલી તેમાં આઈ.ડી. જનરેટ કરાવી હતી.

ગોલ્ડ ટ્રેડિંગમાં જંગી નફો મળશે તેવી લાલચ આપી ઠગોએ પુનીતભાઈ પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ ૨૫,૭૫,૭૦૦ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. વળતર તો દૂરની વાત રહી, પરંતુ પોતાની મૂડી પણ પરત ન મળતા વેપારીએ તત્કાલ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી.

# BUSINESS મિત્ર

# અમેરિકન બજારો વિક્રમી ઉંચાઇએ, હવે સેન્સેક્સ-નિફ્ટીનો વારો

**હોર્મુઝ** સ્ટ્રેટ ખુલી જતા ક્રુડ ઓઇલના ભાવમાં 12 ટકાનો ઘટાડો થતા શેરબજારો ઉછળ્યા

**ઐતિહાસિક** સપાટીએથી સેન્સેક્સ 8 ટકા અને નિફ્ટી 7 ટકા દૂર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 18: ગઈકાલે હોર્મુઝ સ્ટ્રેટ ખુલી જવાના અહેવાલના પગલે ક્રુડ ઓઈલના ભાવમાં જોરદાર કડાકો બોલાયો હતો અને યુદ્ધનો અંત આવી જવાની પુરેપુરી સંભાવના પ્રર્વતતા વૈશ્વિક બજારોમીં જોરદાર ઉછાળો આવ્યો હતો. ખાસ કરીને અમેરિકન બજારો વિક્રમી ઉંચાઈએ પહોંચ્યા હતા. જોકે, આ અહેવાલથી અમેરિકન બજારો ઉછળ્યા બાદ અન્ય વૈશ્વિક બજારોમાં પણ તેજીનો દોર જોવા મળી શકે છે અને સેન્સેક્સ અને નિફ્ટી પણ ઐતિહાસિક સપાટી તરફ આગેકૂચ કરશે. અમેરિકન બજારોમાં એસ એન્ડ પી 500 અને નાસ્ડેક સતત ત્રીજા દિવસે ઉંચા સ્તરે બંધ રહ્યા હતા. બંને સુચકાંકોએ અગાઉના રેકોર્ડ તોડી નાંખ્યા છે. ડ્યારે ડાઉ જોન્સ પણ ફેબ્રુઆરી પછીના ઉચ્ચત્તમ સ્તરે પહોંચી ગયા છે.

રોકાણકારોને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની ઈરાનની જાહેરાત પછી અમેરિકન બજારોમાં તેજીનો દોર જોવા મળ્યો હતો. રોકાણકારોને આશા છે કે યુએસ અને ઈરાન વચ્ચે ટુંકસમયમાં કાયમી યુદ્ધ વિરામ થશે. જોકે, આ ઘટનાને ચોવીસ કલાક પણ થયા નથી, ત્યારે ઈરાને અમેરિકાએ સમાધાનની ફોર્મ્યુલાનું ઉલ્લંઘન કર્યુ તેમ જણાવીને ફરીથી હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દઈને ખેલ પાડી દીધો છે. ઈરાનના આ ખેલથી ક્રુડ ઓઈલના ભાવમાં ફરીથી તેજી આવી શકે છે. અને જે રાતના જહાજો નીકળ્યા તે પસાર થઈ ગયા છે, પણ નવા જહાજોની અવનજવન બંધ થઈ ગઈ છે. આમ છતાં, રોકાણકારોને વિશ્વાસ છે કે નાની નાની અડચણો ચાલુ રહેશે પણ હવે ઈરાન-અમેરિકા વચ્ચે વાટાઘાટાથી રસ્તો નીકળશે અને યુદ્ધનો અંત આવશે, તેવો આશાવાદ વચ્ચે શેરબજારોમાં ગત સપ્તાહમાં સુધારાની ચાલ જોવા મળી છે. જે આવનારા દિવસોમાં તેજીની રફતાર પકડશે. ભારતીય શેરબજારની વાત કરીએ તો ક્રુડ ઓઈલના ભાવ ઘટતા મોંઘવારી ફરીથી કાબુમાં આવી જશે અને જે આ કવાર્ટરની કમાણીમાં થોડીક અસર વર્તાશે, બાકી સકારાત્મક વલણ સાથે ગ્રોથ જોવા મળશે. જેથી હાલમાં અમેરિકન બજારોમાં તેજી ચાલી રહી છે, જેમાં હવે ભારતીય શેરબજારોનો વારો આવશે અને સેન્સેક્સ-નિફ્ટી નવી ઉંચાઇ હાંસલ કરશે.

ભારતીય શેરબજારમાં સતત બીજા સપ્તાહે તેજી રીકવરી જોવા મળ છે. આ સતત બીજા સપ્તાહમાં વધારો છે. આ સપ્તાહે સેન્સેક્સ-નિફ્ટીમાં એક-એક ટકાનો વધારો જોવાયો હતો. જ્યારે ગત સપ્તાહે છ ટકાનો વધારો થયો હતો. ભારતીય શેરબજારમાં પણ સેન્સેક્સ-નિફ્ટી સર્વકાલીન ઉંચાઇ તરફ આગેકૂચ કરતા જોવા મળ્યા હતા.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૯૦૦ |
| તેજાબી સોનું | ૧૫૭૮૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૦૦૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૭૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૯૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૪૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૫૭૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

# 15G/15Hને બદલે હવે ફોર્મ-121

A.Y.2026-27 યાને કે નાણાંકિય વર્ષ 2025-26 સુધી TDS કપાત નહિ કરવા માટે વ્યાજ ચૂકવનારને ફોર્મ 15G/15H આપવામાં આવતું હતું. ખાસ કરીને બેંકો ફિક્સ ડિપોઝીટ ઉપર વ્યાજ માંથી TDS નહિ થાય એટલા માટે 1લી એપ્રિલથી ફોર્મ 15G/15H લેવાની તૈયારીઓ આરંભે છે અને એ મુજબ સોફટવેરમાં આખા વર્ષ દરમ્યાન એફડી ઉપર વ્યાજ જમા થાય ત્યારે આપોઆપ ટીડીએસ કપાતો નથી. 21.3.2026 સુધી આ પ્રમાણે ચાલતું હતું. વળી આ સમયગાળા દરમ્યાન સિનીયર સીટીઝન અને સામાન્ય નાગરિક (60 વર્ષની નીચે) તથા HUF વિગેરે માટે બે અલગ અલગ ફોર્મ 15H અને 15G હતા હવે 1.4.26થી એક જ ફોર્મ નં. 121 અમલમાં રહેશે. વળી અગાઉના આ બંને ફોર્મમાંઅલગ અલગ શબ્દો હતા જેમાં સિનીયર સીટીઝન માટે જે વ્યકિતને કે બેંકને આ ફોર્મ આપવામાં આવે છે તેના તરફથી મળતી આવક ખાસ કરીને વ્યાજ આવક કરમુકત લીમીટથી વધારે હોય પરંતુ એની અંદાજિત લીમીટથી વધારે હોય પરંતુ એની અંદાજિત કુલ આવક ઉપર ટેક્ષ શૂન્ય આવતોહોય તો સિનીયર સીટીઝન આ ફોર્મ આપી શકે છે.

**શું તફાવત છે નવા અને જૂના ફોર્મમાં?**

અગાઉના 15G અને 15Hના ફોર્મમાં જે બેંકમાંથી વ્યાજની આવક કરતા લીમીટથી વધુ હોય તો સિનીયર સીટીઝન સિવાયની વ્યકિતઓ આ ફોર્મ આપી શકતી નથી. જે પ્રાવધાન આ નવા ફોર્મમાં ચાલુ રાખવામાં આવ્યું છે.

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

**પ્રશ્નઃ** એક દાખલો આપી સમજાવીએ તો એક બેંકમાં વ્યકિતની વ્યાજની આવક 4.60 લાખ છે તો એ ફોર્મ 15G કે નવું ફોર્મ121 આપી શકે?

**જવાબઃ** હવે નવા ફોર્મમાંપણ એ સ્પષ્ટતા નથી કે તે વ્યકિત (60 વર્ષની નીચેની ઉંમર) જૂની ટેક્ષ સીસ્ટમમાં રીટર્ન ભરશે કે નવી ટેક્ષ સીસ્ટમમાં કારણ કે જૂની ટેક્ષ સીસ્ટમમાં 2.50 લાખની લીમીટ છે જ્યારે નવી ટેક્ષ સીસ્ટમમાં 4 લાખની લીમીટ છે. સ્વાભાવિક રીતે 4 લાખની ગણતરી કરીને ભરવાનું રહેશે. વ્યાજ આવક 4.60 લાખ છે તેથી ભરી શકાશે નહિ.

**પ્રશ્નઃ** ઉપરના દાખલામાં સિનીયર સીટીઝન સિવાયની વ્યકિતની આવક 4 લાખથી ઓછી હોય પરંતુ રીબેટને પાત્ર આવક 12 લાખથી ઓછી હોય તો 15G ભરી શકે?

**જવાબઃ** હા ભરી શકે.

**પ્રશ્નઃ** ઉપરના દાખલામાં સિનીયર સીટીઝનની વ્યાજ આવક 4.60 લાખથી વધુ છે પરંતુ એની બીજી આવક મળીને 12 લાખની અંદર છે તો ફોર્મ 121 આપી શકે. અન્ય કોણ આ ફોર્મઆપી શકે?

**જવાબઃ** હા, અગાઉના ફોર્મ મુજબ આ તફાવત ચાલુ રાખ્યો છે.

**જવાબઃ** ટ્રસ્ટ અને એચયુએફ પણ ફોર્મ 121 આપી શકશે. ટ્રસ્ટ AOP કેટેગરીમાં હોય તો જ આપી શકશે.

વધુમાં ફોર્મ 121માંકરદાતાના છેલ્લા બે વર્ષના ભરેલ રીટર્નની વિગતો માંગી છે.

આશ્ચર્યકારક રીતે કરદાતાની વિગતો ઉપરાંત આવું વ્યાજ, ડિવિડન્ડ કમિશન ચૂકવનારનો કોન્ટેકટ નંબર, યુએનઆઈ નંબર, જન્મ તારીખ, ડેકલેરેશન મળ્યા તારીખ વિગેરે વધુમાં જણાવવાનું છે.

# મૃત્યુ પામેલ વ્યકિતની તેના મૃત્યુ પછી આકારણી થઇ શકે નહીં ના. અલ્હાબાદ હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

GST હેઠળ... કોઈ વ્યકિતનું મૃત્યુ થાય તે પછી પણ તેની હયાતિ દરમ્યાન કરવામાં આવેલ વ્યવહારો અંગે ભરવાપાત્ર GSTની જવાબદારી યથાવત રહે છે. કાયદાની આવી જોગવાઈ છતા મૃત્યુ પામેલ વ્યકિતની... તેના મૃત્યુ પછી આકારણી થઈ શકે નહીં. અને... કાયદા હેઠળ તેવી આકારણી તેના કાયદેસરના વારસોને સાંભળ્યા બાદ જ થઈ શકે એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં ના. અલ્હાબાદ હાઈકોર્ટે આપ્યો છે. ખેર! ના. અલ્હાબાદ હાઈકોર્ટના મે. પી.બી. શેઠી પ્લાસ્ટીકસ વિ. સ્ટેટ ઓફ યુપી રીટ ટેક્ષ નં. 357/2026ના તા. 4.2.26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હકીકત...**

મે. પી.બી. શેઠી પ્લાસ્ટીકસ માલિકી પેઢી હતી જેના માલિકનું તા. 21.7.20ના રોજ મૃત્યુ થયેલ હતું. માલિકના મૃત્યુ બાદ... પેઢીનો GST કાયદા હેઠળનો નોંધણી નંબર રદ કરવા અરજી કરવામાં આવી અને અરજીના અનુસંધાને પેઢીની નોંધણી તા. 7.10.20ના ઓર્ડરથી રદ કરવામાં આવી. પેઢીની કલમ 73 હેઠળ આકારણી કરવા માટે તા. 21.9.23ના રોજ કારણદર્શક નોટિસ બજાવવામાં આવી અને ત્યારબાદ કલમ 73 હેઠળ તા. 20.12.23નો માંગણું ઊભું કરતો આદેશ પસાર કરવામાં આવ્યો. આ આદેશ સામે અપીલ કરવામાં આવી પરંતુ... સમયમર્યાદા બહારના કારણે અપીલ નામંજૂર થતા વારસદાર દ્વારા ના. હાઈકોર્ટ સમક્ષ રીટ પીટીશન ફાઈલ કરવામાં આવી.

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

**દલીલ...**

અરજદારના વિદ્વાન કાઉન્સેલે રજૂઆત કરતા જણાવ્યું કે પેઢી માલિકી પેઢી હતી અને માલિકના મૃત્યુ પછી કલમ 73 હેઠળ પસાર કરવામાં આવેલ આદેશ કાયદેસર ટકી શકે નહીં. આવા સંજોગોમાં મૃત વ્યકિતના કાયદેસરના વારસને કલમ 73 હેઠળ કારણદર્શક નોટિસ આપીને કાર્યવાહી કરવી જોઈતી હતી. આ માટે આજ હાઈકોર્ટના અમીતકુમાર શેઠિયાના તા. 2.4.25ના ચૂકાદા પર આધાર રાખવામાં આવ્યો.

**ચૂકાદો...**

ના. હાઈકોર્ટે ચૂકાદો આપતા નોંધ્યું કે પીટીશનમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે તેમ પેઢીના માલિકનું મૃત્યુ થતાં રજીસ્ટ્રેશન રદ કરવા માટે અરજી કરવામાં આવી હતી અને રજીસ્ટ્રેશન રદ કરતો આદેશ તા. 7.10.20ના રોજ કરવામાં આવ્યો હતો. તો મૃત્યુ પામેલ વ્યકિત સામે આદેશ ન થઈ શકે તેમ આ હાઈકોર્ટના અમીતકુમાર શેઠિયાના ચૂકાદાથી ઠરાવવામાં આવેલ છે. ના. હાઈકોર્ટના મતે વસૂલાતની જોગવાઈ છે ત્યારે આવા વારસદારને કારણદર્શક નોટિસ બજાવવી ફરજિયાત છે અને તેમને સાંભળીને માંગણું નક્કી કરી શકાય... આ કેસનાં વારસદારને નોટિસ આપી સાંભળ્યા વગર મૃત વ્યકિત સામે પસાર કરવામાં આદેશ તથા અપીલ નામંજૂર કરતો આદેશ ગેરકાયદેસર ઠેરવી ના. હાઈકોર્ટે રદ કર્યા. અલબત્ત આમ છતાં... અધિકારી કાયદા અનુસાર કાર્યવાહી કરી શકે છે એમ વધુમાં ઠરાવ્યું.

# આઇસીઆઇસીઆઇ બેન્કે 8 ટકા અને એચડીએફસી બેન્કે 9 ટકા નફો કર્યો

**આઇસીઆઇસીઆઇ** બેન્કે રૂ.12 અને એચડીએફસી બેન્કે રૂ. 13 ડિવિડન્ડની જાહેરાત કરી

મુંબઇ, તા. 18ઃ પ્રાઈવેટ સેકટરની બે અગ્રણી બેન્કોના માર્ચ કવાર્ટરના પરિણામ જાહેર થયા છે. બંને બેન્કોના પરિણામમાં નજીવો તફાવત રહ્યો છે. જેમાં આઇસીઆઇસીઆઇ બેન્કના માર્ચ કવાર્ટરમાં ચોખ્ખો નફો 8.5 ટકા વધીને રૂ. 13701.68 કરોડનો થયો છે. જ્યારે બેન્કની આવક 2 ટકા વધીને રૂ. 50584.38 કરોડની થઇ છે. જ્યારે એચડીએફસી બેન્કના માર્ચ કવાર્ટરમાં 9 ટકા નફો વધીને રૂ. 19221.05 કરોડનો થયો છે. અને આવક સ્થિર રહીને રૂ. 89808.90 કરોડની થઇ છે. એચડીએફસી બેંકે શેરબજારોને માહિતી આપી હતી કે માર્ચ 2026 ક્વાર્ટરમાં તેની કુલ વ્યાજ આવક રૂ. 76610.02 કરોડ હતી. ચોખ્ખી વ્યાજ આવક 3.8 ટકા વધીને રૂ. 33281.5 કરોડ થઇ હતી,

આઈસીઆઈસીઆઈ બેંકે શેરબજારોને માહિતી આપી હતી કે માર્ચ 2026 ક્વાર્ટરમાં તેની કુલ સ્ટેન્ડઅલોન વ્યાજ આવક રૂ.43275.39 કરોડ હતી. ચોખ્ખી વ્યાજ આવક 8.4 ટકા વધીને રૂ. 22979.2 કરોડ થઇ હતી. માર્ચ 2026 ક્વાર્ટરમાં ચોખ્ખી વ્યાજ માર્જિન 4.32 ટકા હતું.

બંને બેન્કોના એનપીએની વાત કરીએ તો માર્ચ 2026માં આઈસીઆઈસીઆઈ બેન્કની સંપત્તિમાં સુધારો થયો હતો.